ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬





# શ્રીકૃષ્ણ ઉવાચ

# સાચી વાત છે કે ‘યદા યદા હિ ધર્મસ્ય’ પણ પછી તમે શું કર્યું?

**જન્માષ્ટમીની ઉજવણી બસ હજી હમણાં જ પતી છે, સાતમ-આઠમનો જુગાર, દહીં હાંડી અને ભોગ પ્રસાદની સમાપ્તિ પછી શ્રીકૃષ્ણના મુખે એક કાલ્પનિક એકાલાપ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે, જો કૃષ્ણ સાક્ષાત્કાર થઇને કંઇક કહે તો આજના યુગના સંદર્ભે તેમનું મંતવ્ય શું હશે?**

**બહુશ્રુત**

**ચિરંતના ભટ્ટ**

હવે દીવા ઓલવાઈ ગયા છે. મીઠાઈઓ પણ ખવાઈ ગઈ છે. હિંડોળા ઉતારી લેવાયા છે અને ઘણાં લોકોએ તો પોતાના પ્રોફાઈલ ફોટા પરથી જન્માષ્ટમીની ફ્રેમ કે ફિલ્ટર્સ પણ હટાવી દીધી હશે. સારું થયું. તમે મારા નામે, મારી સ્મૃતિમાં ગાતા હતા ત્યારે તમારી સાથે વાત કરવાનું મન નહોતું. હવે કરું. જન્મદિવસની ઉજવણી અને મિજલસ પતે પછી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ તમે બધું બહુ સરસ કર્યું. ઉપવાસ કર્યા, મધરાતે આરતી ઉતારી, પારણાં શણગાર્યાં અને સેંકડો પંડાલોમાં કારાગૃહમાં થયેલા એક જન્મને જાણે ઉત્સવની ઝાંખી હોય એમ ફરી ભજવ્યો.

હું બધું જ નિહાળતો હતો. દર વર્ષની જેમ. તમારો ઉત્સાહ જોઈને પ્રસન્ન થવા કરતાં ઘણીવાર મને રમૂજ થતી હતી. મને ઉજવવામાં તમે ખરેખર બહુ કુશળ છો. પણ, મારી વાત યાદ કરી તેને અનુસરવામાં એટલા કાબેલ નથી.

અને એ બે વચ્ચે જે અંતર છે, આજે મારે એની જ વાત કરવી છે. જોકે મને નવાઈ લાગવી પણ ન જોઈએ. તમને હંમેશાં મારાં એ સ્વરૂપો વધારે ગમ્યાં છે, જે તમારી અનુકૂળતામાં સમાઈ જાય. પારણામાં સૂતેલું બાળક માત્ર ઝુલાવવાનું કહે છે. માખણ ચોરતો કાનુડો તમને હસાવે છે. વાંસળી વગાડતો કૃષ્ણ કૅલેન્ડરમાં બહુ સુંદર લાગે છે. અરે, પર્વત ઊંચકતો કૃષ્ણ પણ મનોહર ચિત્ર બની શકે, બસ, ચિત્રમાં પર્વત થોડો નાનો દોરી દેવો પડે.

સારથિ તરીકેનો હું તમારે માટે એટલો અનુકૂળ નથી. એ યુદ્ધની વચ્ચે ઊભેલા એક યોદ્ધાના નૈતિક સંકટમાં દખલ કરે છે અને તેનાં મનને ગમે એવો સહેલો જવાબ આપતો નથી.

માળો સામે સવાલ કરે છે કે, “કરુણા અત્યારે જ કેમ જાગી?” બરાબર એ જ ક્ષણે, જ્યારે કર્તવ્ય નિભાવવાની કિંમત પોતે ચૂકવવાની આવી?

એ જાણે છે કે ક્યારેક સદ્ગુણ પણ માણસ પોતાની જાતને છુપાવવા માટે ઓઢી લેતો હોય છે. સ્વાભાવિક છે, મારું આ સ્વરૂપ તમારા બધાંનાં પ્રોફાઈલ ફોટોગ્રાફ્સમાં ઓછું દેખાય છે.

ચાલો, યુદ્ધભૂમિ પર કહેલી મારી એક વાત યાદ કરાવું. પછીથી તમે તેને વર્ગખંડોમાં કહી, કૉર્પોરેટ ટાઉનહૉલમાં કહી, પ્રેરણાત્મક ભાષણોમાં કહી અને અગણિત વૉટ્સઍપ મેસેજમાં ફૉરવર્ડ પણ કરીઃ એ જ, ‘કર્મણ્યેવાધિકારસ્તે....’વાળી વાત;





તમારો અધિકાર કર્મ પર છે, તેના ફળ પર નહીં. મેં એ વાત તમને ફળની આસક્તિમાંથી મુક્ત કરવા કહી હતી. પણ તમે તો અંચઈ કરી અને એમાંથી છટકબારી શોધી કાઢી.

રાજકારણીઓ એ શ્લોક બોલે છે અને દરેક નિર્ણયનું મૂલ્ય આગામી ચૂંટણીના મતમાં ગણે છે. રાષ્ટ્રો કર્તવ્યની વાત કરે છે અને સાથે બરાબર હિસાબ પણ કરે છે કે એ કર્તવ્યમાંથી શું મળશે; જમીન, તેલ, પ્રભાવ, અનુકૂળ હેડલાઈન કે ચૂંટણીમાં થોડા વધુ મત. મેં તમને પરિણામોની પરવા ન કરવાનું નહોતું કહ્યું, જેથી તમને જોઈતું પરિણામ મેળવી લો અને પછી હાથ નિર્દોષ હોવાનું માનો.

મેં તો એટલું કહ્યું હતું કે તમે શું કરી રહ્યા છો અને શા માટે કરી રહ્યા છો, એ વિશે કમસેકમ પોતાની જાત સાથે જૂઠું ન બોલો. તમારામાંથી મોટા ભાગના લોકોએ જૂઠું બોલવાનું છોડ્યું નથી.

માત્ર જૂઠું બોલવામાં વધુ કુશળ થયા છો.

યાદ હોય તો અર્જુનની પહેલી ઈચ્છા ધનુષ મૂકી દેવાની હતી. અને તેની પાસે આમ વિચારવાનાં કારણો નબળાં નહોતાં.

સામે ઊભેલા લોકો તેના સ્વજનો હતા, ગુરુઓ હતા, મિત્રો હતા. જીતનો સ્વાદ પણ રાખ જેવો લાગવાનો હતો. યુદ્ધ જેમને ગળી જવાનું હતું, તેમને કોઈ વિજય પાછા લાવી શકવાનો નહોતો.

તેની વ્યથા સાચી હતી. પણ વ્યથા સાચી હોય એટલે નિર્ણય પણ સાચો જ હોય એવું નથી. ક્યારેક નિર્ણય ન લેવો એ પણ એક નિર્ણય હોય છે. ફરક માત્ર એટલો કે તેના પર તમારી આંગળીઓનાં નિશાન નથી રહેતાં. આ પ્રકારની નિર્દોષતા તમે બહુ સારી રીતે શીખી ગયા છો.

અન્યાયને નીતિ બનતો જુઓ છો. ક્રૂરતાને મનોરંજન બનતી જુઓ છો. અસત્યને આખો ઉદ્યોગ બનતો જુઓ છો. અને પછી કહો છોઃ વાત બહુ જટિલ છે. ઘણી વાર ખરેખર જટિલ હોય છે. પરંતુ ‘જટિલતા’ હવે સંતાઈ જવાની તમારી મનપસંદ જગ્યાઓમાંની એક બની ગઈ છે. અર્જુન પાસે તેની નિષ્ક્રિયતાને પ્રશ્ન કરનાર કૃષ્ણ હતો. તમારી પાસે પૅનલ ડિસ્કશન છે. મૌનને ‘તટસ્થતા’કહેવાનું પણ તમને બહુ ગમે છે. જાણે નામ થોડું સભ્ય કરી દેવાથી મૌન કોના પક્ષે ઊભું છે એ બદલાઈ જવાનું હોય.

દુર્યોધનને આ ભેદ બહુ ગમ્યો હોત. તેને સભામાં બેઠેલા દરેક વડીલની સંમતિની જરૂર નહોતી. તેને એટલું જ જોઈતું હતું કે પૂરતા લોકો પોતાની ગરિમા જાળવીને, મનમાં દ્વિધા લઈને, મૂંગા બેઠા રહે. એક વખત હું એવા યુદ્ધની વચ્ચે હતો જે અઢાર દિવસ ચાલ્યું. એ

...અનુસંધાન પાના નં. 4 પર

# કોને મહત્ત્વના શસ્ત્રોની અછત નડી રહી છે?

**કબીરા ખડા બજાર મેં**

**વિન્સી મરચન્ટ**

**પેન્ટાગોન માટે ઉત્પાદનનું કામ કરતી ખાનગી કંપનીઓને પ્લાન્ટમાં નાણાં રોકવામાં, સાધનો વસાવવામાં કે કર્મચારીઓ રોકવા પાછળ જરૂરી યોગ્ય ગણિત સમજાતું ન હતું અને વળતર પણ ન હતું**



અમેરિકાના સૈન્ય હેડક્વાર્ટર પેન્ટાગોનને જ્યારે બજેટ ટૂંકું પડે અને નાણાં બચાવવાની જરૂર પડે ત્યારે સામાન્ય ઉપાય એ હતો કે શસ્ત્રોનું ઉત્પાદન ઘટાડી નાખે. જેમ કે મિસાઈલનું ઉત્પાદન ઘટાડી નાખે તો રાજકીય વર્તુળોમાં એટલો ઊહાપોહ ન મચે જેટલો કોઈ મોટા પ્રોજેક્ટ લંબાવવાથી કે કોઈ મોટો પ્રોજેક્ટ ખરીદવાનું માંડી વાળવાથી બચે. દુનિયામાંની અમેરિકાની છાવણીઓ અથવા બેઝમાંથી કોઈક એક બંધ કરવાથી પણ રાજકીય વિરોધ જાગે. સેનાના સ્ટ્રક્ચર અથવા માળખાકીય વ્યવસ્થામાં ઘટાડો કરવાથી પણ વિરોધીઓને ફાવતું મળી જાય. આથી સલામત માર્ગ એ હતો કે શસ્ત્રોનાં ઉત્પાદનની સંખ્યામાં કાપ મૂકવો.

શીતયુદ્ધ ખતમ થયા બાદ ખર્ચમાં કાપ મૂકવાની આ પેટર્ન વધુ સ્વીકાર્ય અને સામાન્ય બનતી ગઈ. જોકે કોલ્ડ વૉર બાદ અમેરિકા ઈરાક, અફઘાનિસ્તાન સામે યુદ્ધ લડ્યું છતાં ત્યારબાદના આ સમયમાં તે પ્રથા વધુ સામાન્ય બની ગઈ. સોવિયેત સંઘ અને અમેરિકા વચ્ચે શાંત ખૂન્નસ પરાકાષ્ઠા પર હતું છતાં લાંબો સમય, વિયેતનામ યુદ્ધને બાદ કરતાં, શાંતિ જળવાઈ રહી હતી, છતાં શસ્ત્રોનું ધોમધખતું ઉત્પાદન ચાલુ હતું. કોલ્ડ વૉરનો અંત આવ્યો અને ઘણા વરસોની એ શાંતિનો લાભ, પીસ ડિવિડન્ડ મળ્યો હતો. અમેરિકાએ અનેક પ્રોડક્શન કેપેસિટી સ્થગિત કરી દીધી હતી. આ સ્થિતિની આડઅસર એ થઈ કે નવી સુવિધાઓ અને સંશોધનોના અમલમાં મોડું થવા માંડ્યું. લાંબા ગાળાના ઓર્ડરોનો ક્રિયાન્વય પણ મોડો પડવા લાગ્યો. ક્યારે કોઈ ચીજ કે શસ્ત્રની જરૂર પડશે કે કેમ તે નક્કી ન હતું. આ કારણથી પેન્ટાગોન માટે ઉત્પાદનનું કામ કરતી ખાનગી કંપનીઓને પ્લાન્ટમાં નાણાં રોકવામાં, સાધનો વસાવવામાં કે કર્મચારીઓ રોકવા પાછળ જરૂરી યોગ્ય ગણિત સમજાતું ન હતું અને વળતર પણ ન હતું.

ખર્ચમાં આ પ્રકારના કાપ મૂકાય પછી તેના લાભ દેખાય એટલે તેને તાર્કિક રીતે યોગ્ય ગણીને સ્વીકારી લેવામાં આવે છે. જ્યારે કુલ દારૂગોળાનું પ્રમાણ ઓછું થઈ જાય ત્યારે તેના પ્લાનર્સ કે આયોજકો હવે વધુ શસ્ત્રોની જરૂર નથી તેમ લખીને ઘટાડાને વાજબી ઠેરવતા હોય છે. આ ઉપરાંત શીતયુદ્ધના અંત બાદ અમેરિકાનું સૈન્ય પ્લાનિંગ, વ્યૂહ મુજબ શસ્ત્રોની જરૂર હોય તેના આધારે ઘડવાને બદલે બજેટ આધારે ઘડાવા માંડ્યું. અર્થાત્ ઉપલબ્ધ નાણાંને આધારે શસ્ત્રોની ખરીદી અને નિર્માણ કરાવ્યું.

નવા સમયમાં એ પણ ધારી લેવામાં આવ્યું કે આજના યુદ્ધો વિકરાળ અને વિનાશક હશે, પરંતુ તે લાંબો સમય ચાલશે નહીં. ટૂંકી અવધિના હશે. તેથી દારૂગોળાના વિશાળ ઉત્પાદનની જરૂર પડશે નહીં. ઓછો ભંડાર પણ પૂરતો થઈ પડશે. પરંતુ હમણાંના અનુભવોએ આ ધારણાનો છેદ ઉડાડી દીધો છે. આજનાં યુદ્ધો બેશક વિરકાળ અને ખૂંખાર રહ્યાં છે, પણ ટૂંકી મુદતના રહ્યા નથી. યુક્રેન સાથેના રશિયાના યુદ્ધને સાડા ચાર વરસ થઈ ગયા છે. કોઈ પરિણામ વગર લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધને અટકાવી દેવાની અપીલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયન પ્રમુખ પુતીનને ગયા સોમવારે જ કરી હતી. અફઘાનિસ્તાન પરનું અમેરિકાનું યુદ્ધ વીસ વરસ સુધી ચાલ્યું. અમેરિકા હવે એ ધારણાને આગળ રાખીને ચાલી શકે નહીં કે કોઈપણ યુદ્ધની અસર યુદ્ધના એ થિયેટર પૂરતી જ મર્યાદિત રહેશે. અમેરિકા જેમાં આડકતરી અને પાછળથી સીધી રીતે સામેલ થયું તે ઈરાન અને ઈરાનના પ્રોક્સી દળો સામેના ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધને ત્રણ વરસ આવતા મહિનાની છઠ્ઠી તારીખે થશે. યુદ્ધની અસર આજકાલ એક ક્ષેત્ર કે એક બે દેશ પૂરતી મર્યાદિત રહેતી નથી. તેના ફણગાં અન્યત્ર ફૂટે છે. જેમ કે આરબ દેશો ઈરાન સામેના યુદ્ધમાં સીધી કે આડકતરી રીતે સામેલ ન હતા છતાં તેઓએ ઈરાનના હુમલાઓનો સામનો કરવો પડ્યો. એ હુમલાઓ વધુ ખતરનાક અને ચિંતાજનક એટલા માટે સાબિત થયા કે આરબ દેશો યુદ્ધ લડવા માટે સજ્જ ન હતા. જરૂરી લશ્કરી સરસામાન તેઓની પાસે ન હતો. જો તેઓને ઈરાની હુમલાઓથી બચાવવા હોય તો અમેરિકા અને ઈઝરાયલે તેઓને શસ્ત્રો અને સુરક્ષાકવચ પૂરાં પાડવા પડે. જો આવી કટોકટી આવી ચડે ત્યારે અગાઉથી ધારણા બાંધી ન હોય તો શસ્ત્રો ઓછા પડે. આરબ દેશોને પાછળથી શસ્ત્રો, મિસાઈલ પૂરાં પડાયાં એવા અહેવાલો છે, પરંતુ શરૂઆતમાં મહિનાઓ તેઓએ રક્ષાકવચ વગર પસાર કરવા પડ્યા હતા.

અમેરિકા અગાઉ શસ્ત્રોના નિર્માણમાં તેના સાથી દેશોની મદદ લેતું હતું. અમેરિકાએ હવે ફરીથી એ સહયોગ માટે વિચારવું પડશે. બીજા વિશ્વયુદ્ધના સમયમાં અમેરિકાએ અનેક શસ્ત્રો, લશ્કરી વાહનો, જહાજોનાં નિર્માણ માટે એકસરખી સ્ટાન્ડર્ડાઈઝ્ડ ડિઝાઈનો જાહેર કરી હતી અને શસ્ત્ર ઉત્પાદક ફેક્ટરીઓએ તેને અનુરૂપ ઉત્પાદન કરવાનું રહેતું હતું. અમેરિકાનો એક ધ લિબર્ટી શીપ્સ (સમુદ્રી જહાજો) પ્રોગ્રામ હતો. તે અન્વયે અમેરિકાના 18 શિપયાર્ડો અથવા જહાજીવાડાઓએ એકસરખા 2700 સમુદ્રી લડાયક જહાજો એક કોમન ડિઝાઈનના આધારે માત્ર ચાર વરસના ગાળામાં ઘડી કાઢ્યા હતાં. અમેરિકાએ એ પ્રોસીજરને વધુ સાવચેતી સાથે ફરીથી અપનાવવાની જરૂર છે. એક અહેવાલ પ્રમાણે અમેરિકાએ એની ખ્યાતનામ પેટ્રિઅટ અને ટોમાહોક મિસાઈલોની નિર્માણ માટે માત્ર એક જ ઉત્પાદક પર આધાર રાખવો પડે છે. તેના બદલે છૂટક પાર્ટની ડિઝાઈનો અલગ અલગ નિર્માતાઓને સોંપીને ઉત્પાદન કરાવવામાં આવે તો મિસાઈલનું નિર્માણ ઝડપથી થઈ શકે. એક મશીન પાર્ટના ઉત્પાદકને આખી મિસાઈલની ડિઝાઈન નહીં, પરંતુ માત્ર એ પાર્ટનો જ નકશો સોંપવામાં આવે તો ગુપ્તતા બરકરાર રહે. આજે અમેરિકા માત્ર એક જ ઉત્પાદક પાસે ગુપ્તતા જળવાઈ રહે તે માટે નિર્માણ કરાવે છે. અમેરિકા ધારે તો પોતાના મિત્ર દેશોને પણ આ કોમન ડિઝાઈન ઉપક્રમમાં જોડી શકે છે.

ગઈ સત્તર ઓગસ્ટના રોજ લગભગ 23 અબજ ડોલરની કિંમતનો, સાત વરસનો એક કોન્ટ્રેક્ટ રેથીઓન કંપનીને આપ્યો છે. આ કંપની હાલમાં લગભગ સાઠ મિસાઈલનું ઉત્પાદન કરે છે તેને વરસનું એક હજારથી વધુ મિસાઈલના નિર્માણ સુધી લઈ જવાનો પ્રોગ્રામ છે. આ સ્થિતિ બતાવે છે કે અમેરિકાને મહત્ત્વનાં શસ્ત્રોની અછત વર્તાઈ રહી છે. સાઠથી ઉત્પાદન વધારીને એક હજાર સુધી પહોંચાડવાની વાત છે તેના ઘણા અર્થઘટનો થઈ શકે. એક એ કે હોર્મુઝ બાબતમાં ઈરાન-અમેરિકાનું યુદ્ધ લાંબું ચાલશે. બે, અમેરિકા-ઈઝરાયલ ઈરાનને અણુશસ્ત્ર બનાવવાથી રોકવા માટે હરહાલમાં પ્રયત્નો કરશે. ત્રીજી ધારણા એ છે કે અમેરિકા હાલમાં વાપરે છે તેના કરતાં ઓછી સંખ્યામાં મિસાઈલ બનાવે છે.

આગળ લખ્યું તેમ અમેરિકાને શસ્ત્રોની ખેંચ એક બીજા પર આધાર રાખતાં અનેક કારણોથી પડી છે. એક તો, અમેરિકાની બજેટની ફાળવણી દર વરસે સ્થિર રહી નથી. આગળ પાછળ થતી રહી છે. યુદ્ધો કેટલી મુદત માટે ચાલશે તે બાબતની ખોટી આશાવાદી ધારણાઓ, મિત્ર દેશો પરનો આધાર ઘટાડવો તેમ જ ઓછા કે નહીંવત્ ઉત્પાદનને કારણે ઉત્પાદક ફેસિલિટીઓ બંધ પડી જવાથી અમેરિકાને શસ્ત્રસરંજામ અને દારૂગોળાની અછત વર્તાઈ રહી છે. હાલની અછતને દૂર કરવા માટે અમેરિકાએ સિસ્ટમમાં ફેરફારો કરવાની ફરજ પડશે.

અમેરિકા અને જર્મનીના સહયોગમાં

...અનુસંધાન પાના નં. 4 પર

## સિલી પોઈંટ

